# ગુજરાત યુનિવર્સિટી

યુવક કલ્યાણ વિભાગ, નવરંગપુરા, અમદાવાદ


યુ.ક નં. /૦૫૮/૨૦૨૧ તા:૨૮/૧૨/૨૦૨૧

પ્રતિ,

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાના વડાશ્રીઓ તેમજ યુનિવર્સિટી વિદ્યાભવનના અધ્યક્ષશ્રીઓ

વિષયઃ- કલા મહાકુંભ-૨૦૨૧ તાલુકા/ઝોન(મહાનગર પાલિકા)/મહાનગર પાલિકા કક્ષાની સ્પર્ધાના આયોજન અને સંચાલન બાબત.

સંદર્ભઃ- જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, લો ગાર્ડન, અમદાવાદ તરફથી આવેલ પત્ર ક્રમાંકઃ જિ.ર.ગ.અ./૧૭૫૭ થી ૧૮૫૭/૨૦૨૧-૨૨ તા. ૧૬/૧૨/૨૦૨૧

શ્રીમાન,

ઉપરોક્ત વિષય તેમજ સંદર્ભ પરત્વે સવિનય જણાવવાનું કે આ સાથે સામેલ જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, લો ગાર્ડન, અમદાવાદ તરફથી આવેલ પત્ર ના અનુસંધાનમાં આપના સ્તરેથી વિદ્યાર્થીઓને માહિતગાર કરી ઘટતી કાર્યવાહી કરવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

(ડૉ. વી. કે. ચાવડા)

નાયબ નિયામક, યુવક કલ્યાણ

ક્રમાંક : જિ.ર.ગ.અ/ ૧૭૫૭ થી ૧૮૫૭ /૨૦૨૧-૨૨

જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી,

૭મે માળ, રવિશંકર રાવળ કલાભવન,

એલીસબબ્રીજ જીમખાના પાસે, લો ગાર્ડન,

અમદાવાદ

તા. ૧૬/૧૨/૨૦૨૧

પ્રતિ,

૧. આચાર્યશ્રી, પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચ.માધ્ય. શાળાઓ તમામ (અમદાવાદ શહેર).

૨ . રજીસ્ટ્રારશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

૩. પ્રમુખશ્રી/મંત્રીશ્રી,સાંસ્કૃતિક મંડળો અમદાવાદ શહેર.

૪. ઝોન સાંસ્કૃતિક કન્વીનરશ્રીઓ અમદાવાદ શહેર તમામ.

**વિષય- કલા મહાકુંભ-૨૦૨૧ તાલુકા/ઝોન(મહાનગરપાલિકા)/મહાનગરપાલિકાકક્ષાની સ્પર્ધાના આયોજન સંચાલન બાબત.**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુ કે, ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના ઉપક્રમે ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમા કલા મહાકુંભ – ૨૦૨૧નું આયોજન કરવામાં આવનાર છે. આ કલા મહાકુંભનો મુખ્ય ઉદ્દેશ કલા જાગૃતિ, પ્રતિભા શોધ અને યોગ્ય તક, સાંસ્કૃતિક વાતાવરણનું નિર્માણ કરવું. રાજ્ય સરકારે ગુજરાતનાં કલાકારોમાં રહેલ સુષુપ્ત શક્તિઓને બહાર લાવી યોગ્ય પ્રતિભાઓને શોધી યોગ્ય સ્ટેજ આપવા માટે સાંસ્કૃતિક મહોત્સવ તરીકે સ્વરૂપ આપવાનો નિર્ણય કરેલ છે.

કલા મહાકુંભમાં બહોળી સંખ્યામાં કલાકારો સ્પર્ધકો ભાગ લે તે હેતુથી તાલુકા/ ઝોન(મહાનગરપાલિકા) અને ત્યારબાદ જિલ્લા/મહાનગરપાલિકા કક્ષાએ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવનાર છે. આ કલા મહાકુંભમાં કુલ ૩૦ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ ૪ (ચાર) વયજુથમાં સમાવેશ કરી ભાઈઓ-બહેનો માટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે.

<u>ખાસ નોંધ</u> -

(1) ઝોનકક્ષાની સ્પર્ધામાં ભાગ લેનાર કલાકારોએ જન્મ તારીખ દર્શાવતુ ઓળખકાર્ડ, આધારકાર્ડ સાથે રાખવાનું ફરજિયાત રહેશે. અન્યથા આયોજકશ્રી ભાગ લેવા દેશે નહીં, જેની ખાસ કાળજી રાખવી.

(2) ઓફલાઇન ભરેલ ફોર્મ <u>જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી ૭.માળ રવિશંકર રાવળ કલાભવન ,લો-ગાર્ડન, અમદાવાદ</u> આ કચેરી આપવાનું ફરજિયાત રહેશે.

(3) અન્ય વધુ માહિતી માટે આ ફોન નંબર પર સંપર્ક કરવાનો રહેશે.

૧ ) શ્રી બી.જે.દેસાઈ (જિલ્લા યુવા વિકાસ અધિકારી,અમદાવાદ) મો:- ૯૮૨૫૩૦૦૩૨૦

૨) શ્રી એસ.ડી. વ્યાસ (પ્રાંત યુવા વિકાસ અધિકારી,અમદાવાદ શહેર) મો:- ૮૭૮૦૨૩૫૫૧૮

**<u>ઓફલાઈન રજીસ્ટ્રેશન અંતિમ તારીખ :- ૦૬/૦૧/૨૦૨૨ સુધીમાં અત્રેની કચેરીએ ફોર્મ જમા કરાવવાના રહેશે.</u>**

**<u>ઝોન કક્ષાના આયોજન અધ્યક્ષ તરીકે ઝોન સાંસ્કૃતિક કન્વીનરશ્રી રહેશે.</u>**

| ક્રમ | વિભાગ | જન્મ તારીખ થી જન્મેલ |
|---|---|---|
| ૧ | ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધીના | ૩૧/૧૨/૨00૭ થી ૩૧/૧૨/૨0૧૬ (વચ્ચે જન્મેલા) |
| ૨ | ૧૫ વર્ષથી ૨૦ વર્ષ સુધીના | ૩૧/૧૨/૨00૧ થી 30/૧૨/૨00૭ (વચ્ચે જન્મેલા) |
| ૩ | ૨૧ વર્ષથી ૫૯ વર્ષ સુધીના | ૩૧/૧૨/૧૯૬૨ થી 30/૧૨/૨00૧ (વચ્ચે જન્મેલા) |
| ૪ | ૬0 વર્ષથી (ઓપન વયજુથ) | ૩૧/૧૨/૨00૧ કે તે પહેલા જન્મેલા |

જિલ્લા યુવા વિકાસ અધિકારી
અમદાવાદ

જિલ્લા શાસનાધિકારી
અમદાવાદ શહેર

જિલ્લા શિક્ષણાધિકારી
અમદાવાદ શહેર